ધારાસભ્યશ્રી જયંતિભાઈ રાઠવા (જેતપુર)

**પ્રશ્ન : તા.૩૧.૧૨.૨૦૨૩ની સ્થિતિએ છોટાઉદેપુર જીલ્લામાં તાલુકાવાર પશુધન નિરીક્ષકની મંજુર, ભરાયેલ તથા ખાલી જગ્યાની વિગત શું છે. તથા કેટલા ગામો આવરી લેવામાં આવે છે. ?**

---

**જવાબ:**

| ક્રમ | તાલુકો | મંજુર જગ્યાઓ | ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ | આવરી લેવાયેલ ગામો | આવરી લેવાયેલ પશુધનની સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | ૧ | ૧ | ૦ | ૧૪૩ | ૧૦૦૨૫૬ |
| ૨ | કવાંટ | ૨ | ૨ | ૦ | ૧૩૪ | ૯૮૮૭૨ |
| ૩ | નસવાડી | ૩ | ૩ | ૦ | ૨૧૨ | ૯૩૬૧૩ |
| ૪ | સંખેડા | ૧ | ૧ | ૦ | ૧૧૮ | ૩૯૮૨૪ |
| ૫ | જેતપુર (પાવી) | ૨ | ૨ | ૦ | ૧૨૫ | ૯૫૧૩૧ |
| ૬ | બોડેલી | ૫ | ૫ | ૦ | ૧૫૬ | ૯૦૦૦૭ |
| **કુલ** | | **૧૪** | **૧૪** | **૪** | **૮૮૮** | **૫૧૭૭૦૩** |

**પ્રશ્ન: પશુધન નિરીક્ષક વર્ગ–૩ સંવર્ગના લાયકાતના ધોરણો શું છે. તેમજ ભરતી કઇ રીતે કરવામાં આવે છે.**

---

**જવાબ :**

પશુધન નિરીક્ષક વર્ગ–૩ સંવર્ગમાં સીધી ભરતીથી પસંદગી પામનાર ઉમેદવાર માટે લાયકાતના ધોરણો જેવા કે..

(૧) ઉમેદવારની ઉમર ૧૮ થી ૩૩ વર્ષની હોવી જોઇએ.

(૨) અંગ્રેજી વિષય સાથે એસ.એસ.સી.ની પરીક્ષા પાસ કરેલ હોવી જોઇએ

(૩) ગુજરાત સરકાર દ્વારા માન્યતા પ્રાપ્ત પુર્વ સેવા પશુધન નિરીક્ષકનો ઓછામાં ઓછા એક વર્ષનો તાલીમ કોર્સ

અથવા

ત્રણ વર્ષનો ડિપ્લોમાં ઇન વેટરનરી સાયન્સ અને એનીમલ હસબન્ડરી અથવા કોઈપણ કેન્દ્ર અથવા રાજય કૃષિ અથવા પશુચિકિત્સા યુનિવર્સિટી અધિનિયમ દ્વારા સ્થાપિત કરાયેલ અને ભારતીય કૃષિ સંશોધન પરિષદ દ્વારા માન્યતા પ્રાપ્ત કોઈપણ યુનિવર્સીટીમાંથી ડિપ્લોમાં પશુપાલનની પદવી પ્રાપ્ત કરેલ હોવો જોઈએ.

(૪) ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ તથા ભરતી નિયમો (સામાન્ય)–૧૯૬૭ માં દર્શાવ્યા મુજબ કોમ્પ્યુટર એપ્લિકેશનનું મૂળભૂત જ્ઞાન હોવું જોઈએ

(૫) ગુજરાતી અથવા હિન્દી અથવા બંનેનું પર્યાપ્ત જ્ઞાન હોવું જોઈએ.

આ સંવર્ગની ભરતી ગુજરાત પંચાયત સેવા વર્ગીકરણ અને ભરતી નિયમો–૧૯૯૮ અન્વયે ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષા યોજીને સીધી ભરતી કરવામાં આવે છે.

## પ્રશ્ન : પશુધન નિરીક્ષકની જગ્યા ભરાયેલ હોય તો લોકોને શું લાભ થાય છે?

જવાબ : પશુધન નિરીક્ષકની જગ્યા રાજયના પશુપાલકો માટે ખુબજ જરૂરી છે.

પશુધન નિરીક્ષક દ્વારા,

1) પશુઓમાં રસીકરણ, ખસીકરણ, ડીવોર્મિંગ (કૃમિ નાશક દવાઓ) , કુત્રિમ બીજદાન, પ્રાથમિક સારવારની કામગીરી, ચેપી રોગચાળા તથા પશુ રોગ નિદાનના કિસ્સામાં પશુ ચિકિત્સા અધિકારીના માર્ગદર્શન હેઠળ કામગીરી કરવામાં આવે છે.

2) પશુઓમાં બાહ્ય પરોપજીવી નિયંત્રણ માટે દવા છંટકાવ તથા આંતર પરોપજીવી નિયંત્રણ માટે કૃમિનાશક દવા ખવડાવવી/પીવડાવવાની કામગીરી કરવામાં આવે છે.

3) પશુપાલકોને પશુઓને રોગમુક્ત રાખવા માટે જરૂરી માર્ગદર્શન આપવું, મુખ્ય પશુધન પેદાશોની મોજણીની તથા પશુધન વસ્તી ગણતરીની કામગીરી કરવામાં આવે છે.

4) પશુપાલન પ્રદર્શન, દૂધ ઉત્પાદન હરીફાઈ, કૃષિ મહોત્સવ, પશુઆરોગ્ય મેળા, પશુ વંધ્યત્વ નિવારણ કેમ્પો, પશુપાલન તાલીમ શિબિર, રાત્રી શિબિર, પશુ બજાર, ઘાસચારા વિકાસ, મરઘા વિકાસ તેમજ અન્ય પશુધન વિકાસને લગતી યોજનાકીય પ્રવૃતિમાં સોંપાયેલ કામગીરી કરવામાં આવે છે.

5) પશુપાલનને લગત સરકારશ્રીની યોજનાઓનો પ્રચાર-પ્રસાર, નિદર્શન તથા અમલીકરણ/મદદરૂપ થવાની કામગીરી કરવામાં આવે છે. પશુ સારવારને લગતી તમામ સેવાઓ પુરી પાડવામાં આવે છે.

**પ્રશ્ન: છેલ્લા બે વર્ષમાં સરકારે પંચાયતોમાં વર્ગ-૩ની જગ્યાઓ પર કેટલી ભરતી કરી ?**

**જવાબ**

છેલ્લા બે વર્ષમાં સરકાર દ્વારા કુલ **૧૭** કેડરોમાં મળી **૧૩૧૩૮** જગ્યાઓ પર ભરતી માટેની કાર્યવાહી હાથ ધરી **૧૬** કેડરોમાં કુલ મળી **૧૨૭૮૩** નિમણુંકો આપેલ છે.

છેલ્લા બે વર્ષમાં નિમણુંક અપાયેલ નિમણુંકોની કેડરવાર વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | સંવર્ગ | મંજુર જગ્યાઓ | ભરાયેલ જગ્યાઓ | છેલ્લા બે વર્ષમાં આપવામાં આવેલ નિમણુંકો | હાલ ભરાયેલ જગ્યાની ટકાવારી |
|---|---|---|---|---|---|
| ૧ | સમાજ કલ્યાણ નિરિક્ષક (જુ. ગ્રેડ) | ૩૪ | ૩૪ | ૭ | 100.00% |
| ૨ | મલ્ટી પરપઝ હેલ્થ વર્કર | ૯૧૪૫ | ૮૬૭૧ | ૧૮૬૬ | 94.82% |
| ૩ | તલાટી કમ મંત્રી | ૧૧૭૬૦ | ૧૧૦૧૮ | ૩૪૩૭ | 93.69% |
| ૪ | કમ્પાઉન્ડર (જુનીયર ફાર્માસીસ્ટ) | ૧૫૧૨ | ૧૪૦૮ | ૨૫૪ | 93.12% |
| ૫ | લેબોરેટરી ટેકનીશીયન | ૧૫૧૬ | ૧૪૦૮ | ૩૧૭ | 92.88% |
| ૬ | નાયબ હિસાબનીસ | ૨૧૬ | ૨૦૦ | ૧૯૧ | 92.59% |
| ૭ | મુખ્ય સેવિકા | ૧૧૨૧ | ૧૦૦૭ | ૨૨૫ | 89.83% |
| ૮ | આંકડા મદદનીશ | ૨૪૧ | ૨૦૩ | ૮૧ | 84.23% |
| ૯ | પશુધન નિરીક્ષક | ૫૭૨ | ૪૭૯ | ૨૪૯ | 83.74% |
| ૧૦ | ફીમેલ હેલ્થ વર્કર | ૧૦૭૪૦ | ૮૯૮૪ | ૩૧૩૭ | 83.65% |
| ૧૧ | ગ્રામ સેવક | ૪૧૭૪ | ૩૨૧૬ | ૧૬૫૨ | 77.05% |
| ૧૨ | વિભાગીય હિસાબનીશ | ૫૯ | ૪૩ | ૧૪ | 72.88% |
| ૧૩ | સ્ટાફ નર્સ | ૧૨૧૦ | ૮૬૩ | ૧૫૩ | 71.32% |
| ૧૪ | વિસ્તરણ અધિકારી (સહકાર) | ૯૮ | ૫૭ | ૪ | 58.16% |
| ૧૫ | વિસ્તરણ અધિકારી (ખેતી) | ૧૩૫ | ૭૮ | ૧૫ | 57.78% |
| ૧૬ | જુનિયર કલાર્ક (વહીવટ / હિસાબ) | ૩૯૯૭ | ૧૮૭૬ | ૧૧૮૧ | 46.94% |
| | | | કુલ | ૧૨૭૮૩ | |

આમ, સરકારશ્રી દ્વારા સીધી ભરતી કરવાના લીધે **૧** કેડરમાં **૧૦૦** ટકા, પાંચ કેડરમાં **૯૦** ટકા કરતા વધુ, પાંચ કેડરમાં **૭૫** થી **૯૦** ટકા તથા બે કેડરમાં **૭૦** ટકા કરતા વધારે જગ્યાઓ ભરાઇ ગયેલ છે

બાકી રહેતી **૩૫૫** અધિક મદદનીશ ઇજનેરની જગ્યાઓ માટેની બાબત હાલ નામ. ગુજરાત હાઇકોર્ટમાં વિચારાધિન હોય તેનો નિર્ણય આવ્યે આગળ કાર્યવાહી હાથ ધરવામાં આવશે.